## એક કરોડનાં હીરાની ઠગાઇ કેસમાં જામીન અરજી ફગાવાઈ

સુરતઃ એક કરોડનાં હીરા જાંગડ પર લઈ જઈ બારોબાર હીરા વેચી દઈ ફરિયાદીને રકમ નહીં ચુકવવાના કેસમાં આરોપી ભરતભાઇ રામજીભાઇ કીકાણીની જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી. આ કેસની વિગત મુજબ અરજદાર આરોપીએ ફરીયાદી પાસેથી કુલ રૂ.૧,૦૦,૬૬,૩૪૩નો તૈયાર હીરાનો માલ વેપારીઓને બતાવવાની વાત કરી લઇ જઇ હીરાનો માલ બારોબાર વેચી રોકડા રૂપિયા મેળવી લીધાં હતાં. ફરીયાદીને હીરા કે નાણાં પરત નહીં કરી ફરીયાદી સાથે ગુનાહિત વિશ્વાસઘાત કરી ગુનો કર્યો હતો. આ કેસમાં આરોપીએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ ટી.એ.પંચોલીએ જામીન અરજી નો વિરોધ કરી રજુઆત કરી હતી. બંન્ને પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપી ની જામીન અરજી નામંજૂર કરી હતી.

## ફેક ITC કૌભાંડમાં VLCના સંચાલકની જામીનઅરજી રદ

સુરતઃ ડીજીજીઆઈએ, વીએલસી પેઢીના સંચાલક આરોપી માર્કેન્ડય લાલચંદ ચૌરસીયાનું બોગસ બિલીંગના આધારે ક્રેડીટ પાસઓન કરવાનું કૌભાંડ ઝડપી પાડ્યું હતું. આ કેસમાં મુખ્ય આરોપી માર્કંડેય ચૌરાસીયા (મુંબઈ)ની ૧૨-૧૧-૨૦૨૫ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. હાલ આરોપી જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. આરોપીએ જામીન પર છૂટવા માટે સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી, જેની સામે ડીજીજીઆઈએ સોંગદનામુ રજુ કર્યું હતુ. ડીજીજીઆઈના ખાસ સરકારી વકીલ ઈમરાન મલેકે જામીનઅરજીનો વિરોધ કરી દલીલો કરી હતી. જેથી કોર્ટે અરજી નામંજૂર કરી હતી.

## આવકાર અર્બન સોસાયટીના ડિફોલ્ટરને એક મહિનાની સજા

સુરતઃ વરાછાના રહીશ પુનમબેન જગદીશભાઈ સાપરા આવકાર અર્બન કો.ઓ.કેડીટ સોસાયટી લિ.ના સભ્ય છે અને જાત જામીનગીરીથી તેમણે ધંધાના ઉપયોગ માટે સંસ્થા પાસેથી લોન લીધી હતી. જે નાણાંની પરત માંગણી કરતાં આરોપી પુનમબેન જગદીશભાઈ સાપરાએ ફરીયાદી સંસ્થાને ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં કેડીટ સોસાયટીએ વકીલ નરેશ નાવડીયા, ભાવેશ નાવડીયા, સંદીપ માંગુકીયા મારફતે કોર્ટમાં કેસ કર્યો હતો. ટ્રાયલ કોર્ટ બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ આરોપી પુનમબેન જગદીશભાઈ સાપરાને તકસીરવાર ઠરાવી એક માસની સાદી કેદની સજા અને ચેકની રકમથી બમણી રકમ 3,60,996 વળતર ચૂકવવા હુકમ કર્યો હતો.

## મિત્રને આપેલો ચેક રિટર્ન થતાં એક વર્ષની સજા

સુરતઃ ચેક રિટર્ન કેસમાં આરોપી પવનકુમાર આશેશ્વરપ્રસાદ ગુપ્તાને કોર્ટે એક વર્ષની સજા કરી હતી. મિત્રતાના નાતે ફરિયાદી વિપુલભાઈ બાબુભાઈ મોરડીયા પાસેથી આરોપી પવનકુમાર આશેશ્વરપ્રસાદ ગુપ્તાએ હાથ ઉછીના રૂપિયા લીધા હતા. જે અંગે આરોપીએ ૧,૯૫,૦૦૦નો ચેક ફરિયાદીને આપ્યો હતો,જે રીટર્ન થતાં કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસની સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષની દલીલોને ગ્રાહ્ય રાખી, કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી ચેકની રકમ ૯% વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કર્યો છે.

# પુસ્તક મેળાના ટેન્ડરમાં 52 લાખના ભ્રષ્ટાચારનો આક્ષેપ

**સમગ્ર** પ્રકરણની તપાસ ચીફ વિજિલન્સ ઓફિસર પાસે કરાવવા માંગ કરી

સુરત : સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત આગામી પુસ્તક મેળાની ટેન્ડર પ્રક્રિયામાં લાખો રૂપિયાની ગેરરીતિ થઈ હોવાના ગંભીર આક્ષેપો સાથે રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસના નેતા અને પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ મનપા કમિશનર એમ.નાગરાજનને પત્ર લખી રજૂઆત કરી છે કે, પુસ્તક મેળાના મંડપ અને સ્ટોલ માટે મનપાએ 86 લાખનું અંદાજિત બજેટ નક્કી કર્યું હતું, પરંતુ અધિકારીઓએ મિલીભગત કરીને એસ્ટીમેટ કરતા 63% વધુ રકમ એટલે કે અંદાજે 1.38 કરોડનું ટેન્ડર ભરનાર ઈજારદારને ક્વોલિફાય કરી દીધો છે. આ પ્રક્રિયામાં CVC (સેન્ટ્રલ વિજિલન્સ કમિશન)ની ગાઈડલાઈનનું સરેઆમ ઉલ્લંઘન કરી પ્રથમ ટેન્ડરમાં જ ઉંચા ભાવ મંજૂર કરી મનપાની તિજોરીને લાખો રૂપિયાનું નુકસાન થયું છે.

અસલમ સાયકલવાલાએ વધુમાં આક્ષેપ કર્યો છે કે, વર્ષ 2018માં 24% ઓછા ભાવે સંતોષકારક કામ કરનાર અને તમામ દસ્તાવેજી પુરાવા ધરાવતા અનુભવી ઈજારદાર 'દીપક ડેકોરેટર્સ'ને ઝોનના અધિકારીઓ દ્વારા ખોટી રીતે ડિસક્વોલિફાય કરવામાં આવ્યા છે. જેથી માનીતા ઈજારદારને કામ આપી શકાય. લોકોના પરસેવાની કમાણીમાંથી ચાલતા વહીવટમાં એસ્ટીમેટ કરતા આટલી મોટી રકમ વધુ ચૂકવવી એ ગંભીર બેદરકારી છે તેમ જણાવી તેમણે આ સમગ્ર પ્રકરણની તપાસ ચીફ વિજિલન્સ ઓફિસર પાસે કરાવવા અને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# બોર્ડમાં બિમાર ન પડવું હોય તો વધુમાં વધુ પાણી પીવો!

**બહારનું** ખાવાનુ ટાળો, લીંબુપાણી-નારિયેળ પાણી વધુ પીવો અને થોડા થોડા સમયે હળવો નાસ્તો કરો

સુરતઃ બોર્ડ એક્ઝામ નજીક છે ત્યારે સ્ટુડન્ટની ચિંતામાં વધારો થયો છે. બાળકોની ઊંઘ, ભૂખ ઉડી ગઈ છે. ઘણા બાળકો મોડી રાત સુધી વાંચી ઉજાગરા કરે છે પરંતુ પુરતો અને યોગ્ય ખોરાક લેતા ન હોવાના લીધે છેલ્લાં સમયે તેઓની તબિયત બગડતી હોય છે. પરીક્ષાના લીધે જ્યારે માનસિક અને શારીરક ટેન્શન વધી રહ્યું હોય ત્યારે કયો ખોરાક ખાવાથી બાળકની હેલ્થ સારી રહે અને તે બિમાર નહીં પડે તે જાણવું જરૂરી છે.

પીડિયાટ્રીશિયન ડો. પ્રદીપ શરણ કહે છે કે, સીબીએસઈ બોર્ડની પરીક્ષા ચાલી રહી છે અને ગુજરાત બોર્ડની થોડા દિવસોમાં ચાલુ થશે. બાળકો અને વાલીની ચિંતા વધી છે. તે જ સમયે વાતાવરણમાં પણ અચાનક મોટા ફેરફાર જોવા મળી રહ્યાં છે. અચાનક વરસાદ પડે છે. દિવસે ખૂબ ગરમી હોય છે અને રાત્રે ઠંડા પવન ફૂંકાય છે. તેથી વાયરલ ઈન્ફેક્શનના કેસો વધ્યા છે.

સતત અભ્યાસ કરતા બાળકોની ચિંતામાં વધારો થયો હોઈ તેના લીધે તેમની ઈમ્યુનિટી ઓછી થાય છે. આવા સંજોગોમાં તેઓ બિમાર પડે તેવો ડર વધી જાય છે. આવા સંજોગોમાં પેરેન્ટ્સ બાળકોના ડાયેટની કમાન્ડ હાથમાં લઈ લેવી જોઈએ. થોડા થોડા સમયે હળવો ખોરાક આપવો જોઈએ અને ખાસ કરીને વધુમાં વધુ પાણી પીવડાવવું જોઈએ. માત્ર સાદુ પાણી નહીં પરંતુ મીઠા અને ખાંડ વાળું પાણી જરૂરી છે. એટલે લીંબુ પાણી, નારિયેળ પાણી, જ્યુસ પીવડાવી તેમના શરીરને હાઈડ્રેટ રાખવું જોઈએ અને ખાસ બહારનું ફૂડ બિલકુલ બંધ કરવું જોઈએ. ડાયટિશિયન ડો. શ્વેતા ભદોરિયા કહે છે કે, ખાવા-પીવામાં ભૂલ વર્ષ બગાડી શકે છે. બાળકો ભણવા માટે શિડ્યુલ બનાવે તેમ પેરેન્ટ્સે બાળકોના ફૂડનો ડાયેટ પ્લાન બનાવવો જોઈએ. પનીર, ટોફૂ, દૂધ, દહી, પાલક, મેથી, દાળ, રાજમા, ચણા, છોલે, કઠોળ, ડ્રાઈફ્રૂટ્સ, ઈડલી, ઢોસા, ઓટ્સ, રાજગરા, જુવાર, સટ્ટુ, રાગી, ફ્લેક્સસીડ્સ, પમ્પકીન સીડ્સ, એવાકાડો, નારિયેળપાણી, લીંબુ પાણી અને ફ્રૂટ્સનો ઉપયોગ વધારી દેવો જોઈએ. બાળકને એક સાથે હેવી ફૂડ આપવાના બદલે થોડા થોડા સમયે હળવો નાસ્તો અને લિક્વીડ આપવું જોઈએ.

# કમોસમી વરસાદમાં પણ સુરતના રસ્તા બેસી ગયા

**મહિલા** તબીબની કારનું વ્હીલ જમીનમાં ઉતરી ગયું




સુરતઃ સ્માર્ટ સિટી સુરતના વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને ભ્રષ્ટ નીતિરીતિ ફરી એકવાર જનતા સામે ખુલ્લી પડી છે, જેમાં સામાન્ય વરસાદી ઝાપટાંએ જ મહાનગરપાલિકાના પોકળ દાવાઓની હવા કાઢી નાંખી છે. સુરત જિલ્લા સેવા સદન જેવા વીઆઈપી વિસ્તારમાં, જ્યાં ઉચ્ચ અધિકારીઓનો સતત ધમધમાટ હોય છે, ત્યાં જ એ-બ્લોક પાસે રસ્તો અચાનક બેસી જવાની ગંભીર ઘટના બની હતી.

સ્મિમેર હોસ્પિટલના એક મહિલા ડોક્ટર પોતાની કાર લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે નબળા પુરાણને કારણે જમીન પોચી પડતા તેમની કારનું આગળનું ટાયર ઊંડા ખાડામાં ફસાઈ ગયું હતું. આ અકસ્માતને પગલે મહિલા ડોક્ટર ભયભીત થઈ ગયા હતા, જો કે સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી.

થોડા દિવસો પૂર્વે જ આ સ્થળે ગટર લાઈન નાંખવા માટે મોટું ખોદકામ કરવામાં આવ્યું હતું, પરંતુ કામ પૂરું થયા બાદ ખાડા પુરાણની કામગીરીમાં લોલમલોલ ચલાવવામાં આવી હતી. માત્ર માટી અને હલકી કક્ષાનું મટિરીયલ નાંખીને ઉપરછલ્લું પેચવર્ક કરી દેવાતા વરસાદી પાણી અંદર ઉતરતા જ જમીનમાં પોલાણ સર્જાયું હતું. જો આ સ્થળે કોઈ ટુ-વ્હીલર સવાર કે રાહદારી હોત તો ચોક્કસપણે તેનો જીવ જઈ શક્યો હોત.

## મસાલા માટે મરચાના ઢગલા માર્કેટમાં ઠલવાયા



■ માર્ચ મહિનામાં લોકો આખી સિઝનના મસાલા ભરે છે અને અનેક પરિવારોમાં આ પરંપરા આજે પણ યથાવત છે. જેના કારણે સુરતમાં ખાસ કરીને સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં સૂકા મરચાના ઢગલા ઠલવાઇ રહ્યાં છે જેને વાટીને તેનો ઉપયોગ કરવામાં આવે છે. **(તસવીર : સતીષ જાદવ)**

# બે ઠગબાજ વેપારીને 3 લાખની 'મસાજ' કરી ગયા

**મસાજ** મશીનના પાર્ટ્સ સસ્તામાં આપવાની લાલચ આપી એડવાન્સ પડાવી લીધા ને કળા કરી ગયા

સુરતઃ વરાછામાં સસ્તામાં મસાજ મશીનરી અપાવવાની લાલચ આપીને બે મિત્રોએ મળીને વેપારી સાથે રૂપિયા 3 લાખની છેતરપિંડી આચર્યાનો બનાવ સામે આવ્યો છે.

મૂળ ભાવનગર જિલ્લાના વતની અને હાલ વરાછાના માતાવાડી વિસ્તારમાં રહેતા હર્ષદભાઈ હીરાભાઈ સુતરીયા ઓનલાઈન વેપાર સાથે સંકળાયેલા છે. જુલાઈ 2025 પહેલાં તેમની ઓળખાણમાં આવેલા મિત્ર જીગરભાઈ બાબુભાઈ કુકડીયા (રહે,વૃંદાવન સોસાયટી, સાવલીયા સર્કલ પાસે, સરથાણા) (મૂળ વતન-ગામ-વરલ તા-શિહોર જી-ભાવનગર) અને જેનીશભાઈ મહેશભાઈ વીરડીયા (રહે,વૃંદાવન સોસાયટી, સાવલીયા સર્કલ પાસે, સરથાણા ગામ-નાના રાજકોટ તા-લાઠી જી-અમરેલી) એ તેમને સસ્તા ભાવે ફેસ મસાજ માટે ઉપયોગી ડ્રમ રોલર અને સ્ટોન રોલર ચાઈનાથી મંગાવી આપવાની ઓફર કરી હતી. આ સોદામાં હર્ષદભાઈ સાથે તેમના મિત્ર પ્રવીણભાઈ પ્રજાપતિને પણ જોડવામાં આવ્યા હતા.

3 લાખની રકમ એડવાન્સ પેટે ચૂકવી દીધી હતી. આરોપીઓએ 20થી 30 દિવસમાં માલ મળી જશે એવી ખાતરી આપી હતી. જોકે ડિલિવરી નહીં કરતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચતા પોલીસે ઠગબાજો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## ભારતીય સમય પ્રમાણે મોડી રાત્રે

# સુપ્રીમના આદેશના 3 જ કલાકમાં ટ્રમ્પે નવો 10 ટકા વૈશ્વિક ટેરિફ લાદ્યો

સુરતઃ અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટેરિફને ગેરકાયદે ઠેરવ્યાના ત્રણ જ કલાકમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી જાહેરાત કરી હતી કે તેઓ એક અલગ કાયદાકીય સત્તા હેઠળ નવો 10% વૈશ્વિક ટેરિફ (આયાત જકાત) લાદશે.ટ્રમ્પે કાયદાકીય આંચકાને વટાવી જવા માટે નવી વ્યૂહરચનાનો સંકેત આપતા કહ્યું કે, આજે, હું સેક્શન 122 હેઠળ 10% વૈશ્વિક ટેરિફ લાદવાના આદેશ પર હસ્તાક્ષર કરીશ, જે હાલમાં વસૂલવામાં આવતા અમારા સામાન્ય ટેરિફ ઉપરાંતનો હશે. સેક્શન 122ના કાયદા પ્રમાણે આ ટેરિફ 150 દિવસ માટે અમલમાં રહેશે.

## સંક્ષિપ્ત સમાચાર

### કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ પર તાપીદર્શન પણ થઇ શકે તેવી બેઠકનો શિલાન્યાસ



સુરતઃ કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ જીર્ણોદ્ધાર ટ્રસ્ટ દ્વારા પિતૃ તર્પણ પૂજા વિધિ તથા સ્વજન ડાઘુઓ માટે નવી બેઠક વ્યવસ્થા નામે નૂતનભવનના નિર્માણનો ફાગણ સુદ બીજના દિવસે પ્રારંભ થયો હતો. આ પ્રસંગે ભૂમિ પૂજનનો કાર્યક્રમ રામમઢી આશ્રમના સંત મૂળદાસ બાપુ, અન્નપૂર્ણા ધામ મંદિરના ટ્રસ્ટી અને નર્મદા પરિક્રમા વાસી નીતિનભાઈ મહેતા તથા તેમની આગામી દિવસોમાં 50મી જન્મજયંતી ટ્રસ્ટના લાભાર્થે ઉજવવા જઈ રહ્યા છે, તેવા અનાવલ ગ્રુપના છગનભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો.

### સુરતના કામરેજ ખાતે રવિવારે "માહાવંશી મહાકુંભ"નું આયોજન

સુરતઃ કામરેજ ચાર રસ્તા ખાતે સહકાર પાર્ટી પ્લોટમાં રવિવારે તા.22મીના રોજ બપોરે 4-30 કલાકે માહાવંશી સમાજના એકતા, સંકલ્પ અને વિકાસના હેતુસર માહાવંશી વિકાસ મંચ (ભારત) દ્વારા ભવ્ય "માહાવંશી મહાકુંભ"નું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં સમાજના આગેવાનો, યુવાનો, મહાનુભાવો તેમજ વિવિધ ક્ષેત્રના પ્રતિષ્ઠિત મહેમાનો ઉપસ્થિત રહેશે. મહાકુંભ દરમિયાન સમાજની એકતા મજબૂત બનાવવા, નવી પેઢીને પ્રેરણા આપવા અને સામાજિક વિકાસના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ અને સંગીતમય સાંજનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

### બારડોલીના હત્યા કેસમાં એક આરોપીનો નિર્દોષ છુટકારો

સુરતઃ બારડોલી સેશન્સ કોર્ટે હત્યા કેસનાં આરોપી અજયસિંહ કિશનદેવ ભુમીહરને નિદોર્ષ છોડી મુકવાનો હુકમ કર્યો છે. આ કેસમાં મરણ જનાર અખિલેશ ફેકુભાઇ યાદવની ૧૨/૦૫/૨૦૧૪ના રોજ ધનુર્ધર મિલ, જોળવા ખાતે હત્યા થઈ હતી. તપાસ બાદ પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આરોપી અજયસિંહ ભુમીહર અને વિનોદ બનારસીરામ કહાર વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી બાદ દલીલો અને દસ્તાવેજી પુરાવાઓના આધારે કોર્ટે આરોપી અજયસિંહને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી તરફથી વકીલ નિરવ આંબલીયા તથા ધવલ જરીવાલા ઉપસ્થિત રહ્યા હતા.

### વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે માતૃભાષા મહોત્સવમાં પ્રેરક વ્યાખ્યાન યોજાયું



સુરતઃ ગુજરાત સાહિત્ય અકાદમી અને પ્રવૃત્તિ વિદ્યાલય પ્રાથમિક વિભાગના સંયુક્ત ઉપક્રમે 21મી ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે માતૃભાષા મહોત્સવ અંતર્ગત વિશેષ વ્યાખ્યાન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં પ્રેસિડેન્સી શાળાની આચાર્ય દીપીકા શુક્લ તથા જાણીતા કવિ-લેખક પ્રકાશ પરમાર વ્યાખ્યાતા તરીકે હાજર રહ્યા હતા. બંને વક્તાઓએ ધોરણ 6 થી 8ના લગભગ 300 જેટલા વિદ્યાર્થીઓને માતૃભાષાનું મહત્વ, સંસ્કૃતિ સાથેનો સંબંધ અને ભાષા પ્રત્યે ગૌરવભાવ વિકસાવવાની પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે જીવનભારતી મંડળના ઉપાધ્યક્ષ ડો. પ્રજ્ઞેશ જોશી ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી મયંકભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ મૃગા વજીરના સંયોજનમાં અને રચનાબહેન ચૌધરીના સંચાલનમાં કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# ચેમ્બરના ત્રિદિવસીય સીટેક્ષ પ્રદર્શનનો આજથી પ્રારંભ

**શનિવારથી** સ્કેટ કોલેજના એમ્ફી થિયેટર ખાતે 'સુરત આર્ટ સ્ટ્રીટ ૨૦૨૬' કલા ઉત્સવ યોજાશે

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે તા. ૨૧, ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'સીટેક્ષ - સુરત ઈન્ટરનેશનલ ટેક્સટાઈલ એક્ષ્પો-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે.

સીટેક્ષ ૨૦૨૬નો ઉદ્‌ઘાટન સમારોહ શનિવાર, તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ઉષાકાંત મારફતિયા હોલ, એસ.આઈ.ઈ.સી.સી., ચેમ્બર ઓફ કોમર્સ રોડ, સરસાણા, સુરત ખાતે યોજાશે, જેમાં ઉદ્‌ઘાટક તરીકે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ રાજેશ ગાંધી પધારશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ એક્ઝિબિશનમાં સુરત ઉપરાંત નવી દિલ્હી, મુંબઇ, લુધિયાના, વડોદરા, અમદાવાદ, કોઈમ્બતુર, ઠાણે, પાનીપત, કોલ્હાપુર, પુણે, દાદરા, ભીલવાડા અને વલસાડ મળી કુલ ૧૧૦ એક્ઝિબિટર્સે ભાગ લીધો છે. એક્ઝિબિટર્સ દ્વારા વર્લ્ડ-ક્લાસ ટેક્સટાઈલ મશીનરીનું પ્રદર્શન કરવામાં આવશે.

# ઠગબાજ પિતા-પુત્રએ ભાગીદારીના નામે લાખોની છેતરપિંડી કરી

**અલથાણમાં** નિવૃત્ત પોલીસ અધિકારીની દીકરીને નિશાન બનાવી 29.86 લાખ રૂપિયાનો ફ્રોડ

સુરત : પાર્લે પોઈન્ટ વિસ્તારમાં રહેતા નિવૃત્ત પોલીસ ઈન્સ્પેક્ટરની દીકરી સાથે ભાગીદારીના બહાને લાખોની છેતરપિંડીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. અલથાણ વિસ્તારમાં રહેતા પિતા-પુત્રે મિત્રતાનો લાભ લઈ યુવતીને વ્યવસાયમાં ભાગીદાર બનાવવાની લાલચ આપી કુલ રૂપિયા 29.86 લાખની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે ઉમરા પોલીસ મથકે બંને આરોપીઓ સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

પાર્લે પોઈન્ટ સ્થિત ગોકુળ રો હાઉસમાં રહેતા નિવૃત્ત પોલીસ અધિકારી નરેશકુમાર દશરથભાઈ વ્યાસે ફરિયાદ નોંધાવી છે. આરોપીઓમાં પરીમલ પ્રધ્યુમન વખારીયા અને વિરાટ પરીમલ વખારીયા (બંને પિતા-પુત્ર રહે, સોમનાથ મહાદેવ સોસાયટી, સરગમ શોપિંગ સેન્ટરની પાછળ, પાર્લે પોઈન્ટ, હાલ રહે, કોરલ બંગ્લોઝ, અલથાણ કેનાલ રોડ, અલથાણ)નો સમાવેશ થાય છે. પરિમલના પિતા સાથે અગાઉથી ઓળખાણ હોવાના કારણે બંને પરિવાર વચ્ચે વિશ્વાસનું સંબંધ બન્યો હતો. આ વિશ્વાસનો લાભ લઈ પરિમલ અને વિરાટે નરેશભાઈની દીકરી ખુશ્બુને 'દ્રશ્યમ ડિજિટલ' નામની પેઢીમાં ભાગીદારી આપવાની ઓફર કરી હતી. આકર્ષક નફાની લાલચ આપીને ખુશ્બુ પાસેથી તબક્કાવાર રૂપિયા 26 લાખ મેળવ્યા હતા. શરૂઆતમાં વિશ્વાસ જળવાઈ રહે તે માટે આરોપીઓએ માત્ર રૂપિયા 39 હજાર પરત આપ્યા હતા. પછીથી બાકીની રકમ પરત આપવા બાબતે આરોપીઓ ટાળટૂળ કરતા રહ્યા હતા. એટલું જ નહીં, 1.5 લાખના ચેક આપી બાદમાં સ્ટોપ પેમેન્ટ કરાવી દીધું હતું. સતત બહાના અને સમય પસાર કરવાના કારણે આખરે ખુશ્બુને છેતરપિંડી થયાનો અહેસાસ થયો અને તેણે સમગ્ર ઘટના પિતાને જણાવી હતી. આ પછી નરેશભાઈએ ઉમરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પરિમલ વખારીયા અને વિરાટ વખારીયા સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસ હવે નાણાંની લેવડદેવડ અને અન્ય સંડોવણી અંગે વધુ તપાસ કરી રહી છે.

# મહારાષ્ટ્રથી MD લાવી સપ્લાય કરનાર પકડાયો

**ક્રાઈમ** બ્રાન્ચે નાસિકમાંથી મુખ્ય સપ્લાયર શેખ અબરારની ધરપકડ કરી,બે અલગ ગુનાઓમાં ખૂટતી કડી ઉકેલાઈ

સુરતઃ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ડ્રગ્સના પેડલિંગના ગુનાઓમાં તપાસ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચ મુખ્ય સૂત્રધાર સુધી પહોંચી હતી. તપાસમાં બે મહત્વના કિસ્સા ઉકેલાઈ રહ્યા છે. એક 27 જુલાઈ, 2025નો છે, જેમાં ઉત્રાણ રેલવે ઓવર બ્રિજ પાસે સ્કોડા ગાડીમાંથી 30.150 ગ્રામ ડ્રગ્સ (કિંમત 3,01,500 રૂપિયા) સાથે મીત કરીયાવરા અને કેતન પટેલને ઝડપી પાડવામાં આવ્યા હતા. તપાસમાં બહાર આવ્યું કે આ જથ્થો ઈમરાન ફિરોઝ શેખ દ્વારા પૂરો પાડવામાં આવ્યો હતો. ઈમરાનની ધરપકડ 31 જુલાઈ, 2025ના રોજ થઈ હતી. 3 સપ્ટેમ્બર, 2025ના રોજ ઉમરવાડાની સલીમનગર ઝુપડપટ્ટીમાંથી એઝાઝ ઉર્ફે છોટયા નામના આરોપી પાસેથી 198.760 ગ્રામ એમ.ડી. ડ્રગ્સ (કિંમત 19,87,600 રૂપિયા) સાથે ઝડપાઈ. આ તપાસમાં સરફરાજખાન પઠાણનું નામ મુખ્ય કડી તરીકે સામે આવ્યું હતું, જેની ધરપકડ 25 નવેમ્બર, 2025ના રોજ કરવામાં આવી.

ક્રાઈમ બ્રાન્ચને તપાસમાં જાણવા મળ્યું કે સુરતના પેડલરોને મહારાષ્ટ્રમાંથી ડ્રગ્સ પહોંચાડવાનું મુખ્ય કામ શેખ અબરાર જ કરતો હતો. અત્યાર સુધીમાં આ બંને ગુનાઓમાં લગભગ 7 આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે. પોલીસ શેખ અબરારના રિમાન્ડનો ઉપયોગ કરીને ડ્રગ્સ નેટવર્કના અન્ય તાર શોધી રહી છે.

## આવતીકાલથી યુનિ.માં 'સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો'

સુરતઃ નવી પેઢીમાં પુસ્તકો પ્રત્યે રુચિ જાગે તે માટે શરૂ થનારા પુસ્તક મેળામાં સેમિનાર ડોમમાં દરરોજ પ્રખર વક્તાઓ અને સાહિત્યકારોના વ્યાખ્યાનો યોજાશે. અક્ષત ગુપ્તા, એષા દાદાવાળા અને ડો. રઈશ મણિયાર જેવા દિગ્ગજ વક્તાઓ ઉપસ્થિત રહી સાહિત્ય અને સંસ્કૃતિનો રસાસ્વાદ કરાવશે. પુસ્તક મેળાના કાર્યક્રમની રૂપરેખા મુજબ, 22 ફેબ્રુઆરીએ મુખ્ય વક્તા અક્ષત ગુપ્તા 'Mythology Ya Satyalogy' વિષય પર વ્યાખ્યાન આપશે. ત્યારબાદ વિવિધ દિવસોએ વિદ્યાર્થીઓ માટે ફાઈનાન્સ મેનેજમેન્ટ, વિકસિત ભારત @2047, બાગાયત, વનસ્પતિ અને તંદુરસ્તી તેમજ આજના સમયમાં 'રોલ ઓફ જનરેટિવ એ.આઈ.' જેવા વિષયો પર તજજ્ઞો માર્ગદર્શન આપશે.

# પાંડેસરામાં રખડતા કૂતરાએ નર્સને બચકાં ભર્યાં

**બે** રખડતાં કૂતરાઓએ અચાનક હુમલો કર્યો

સુરતઃ પાંડેસરા જયઅંબે નગર વિસ્તારમાં રહેતી ૨૭ વર્ષીય નર્સ પર બે રખડતા કૂતરાઓએ હુમલો કરતાં સ્થાનિકોમાં ભયનું વાતાવરણ ફેલાયું છે. શહેરમાં સતત આવી ઘટનાઓ સામે આવતાં નાગરિકોમાં તંત્ર પ્રત્યે નારાજગી વધી રહી છે.

મળતી માહિતી મુજબ જયઅંબે નગરમાં રહેતી રીટા કંચનભાઇ તડવી વડોદરાની એક હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફમાં ફરજ બજાવે છે. શુક્રવારે બપોરે તે પોતાના ઘર નજીક હતી ત્યારે અચાનક બે રખડતા કૂતરાઓએ તેના પર તૂટી પડી બચકાં ભર્યા હતા. સ્થળ પર હાજર લોકોએ હિંમત દાખવી લાકડાં અને પથ્થર વડે કૂતરાઓને ભગાડ્યા હતા, જેથી વધુ ગંભીર ઇજા થતી અટકી હતી.

## પીપલોદમાં પેસેજનું પ્લાસ્ટર પડતાં વૃદ્ધનું મોત

સુરતઃ શહેરના પીપલોદ વિસ્તારમાં ગઈકાલે બપોરે સાંસ્કૃત એપાર્ટમેન્ટના પેસેજમાંથી પસાર થઈ રહેલા ૬૧ વર્ષીય શિરીષચંદ્ર હરદયાલ શ્રીવાસ્તવના માથે અચાનક છતનું પ્લાસ્ટર તૂટીને પડતા તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તેમને તાત્કાલિક ૧૦૮ મારફતે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તપાસીને તેમને મૃત જાહેર કર્યા હતા.